# પશુઓ (ગાયો-ભેસો)માં બોવઇન રાઈનોટ્રેક્યાટિસ (IBR) રોગનું પ્રમાણ તથા પ્રજનન ક્ષમતા પર તેની અસર


**ડૉ. જે. બી. કથિરીયા**
**મદદનીશ પ્રાધ્યાપક**

**વેટરનરીપબ્લિક હેલ્થ વિભાગ**
**પશુ ચિકિત્સા અને પશુપાલન મહા વિધયાલય**
**જૂનાગઢ કૃષિ યુનિવર્સિટી, જૂનાગઢ**

# પૃષ્ઠભૂમિ માહિતી

- પશુઓમાં શ્વસનતંત્ર તેમજ પ્રજનતંત્રની ખામીઓ ઘણા કારણોને લીધે જોવા મળે છે. જેમા ચેપી બોવાઇન રાઇનોટ્રેકિટિસ (આઈ.બી.આર.) પણ એક રોગ છે. જેના કારણે ભારતીય ડેરી ઉધોગને નોંધપાત્ર આર્થિક નુકસાન વહોરવું પડે છે.
- આ નુકસાન પશુઓમાં પ્રજનન ખામીઓ જેવીકે ચેપી ગર્ભપાત, તરવાઈ જવું, મેલી ના પડવી, વારંવાર ઊથલા મારવા વગેરે આ રોગના લીધે થાય છે, જેથી ઉત્પાદનમાં ખોટ અને વૈશ્વિક વેપારને આડ અસર પહોચે છે.
- આ રોગ ભારતમાં સૌ પ્રથમ ઉત્તરપ્રદેશ રાજ્યમાં ઇ.સ. ૧૯૭૬ માં નોંધાયેલ તથા હાલમાં ગુજરાત સહિત દેશના વિવિધ ભાગોમાં જોવા મળે છે.






# પશુઓમાં રોગના ચિન્હો

- સામાની રીતે આ રોગના કારણે પશુઓમાં તાવ આવવો, હાફ ચડવી, શ્વાસ લેવામાં તકલીફ થવી, ગાભણ પશુનું તરવાઈ જવું, વારંવાર ઊથલા મારવા, ગરમીમાં ન આવવું, ગર્ભાશયમાં બચ્ચ્યાંનું મૃત્યુ થવું તેમજ ગર્ભાશયનો ચેપ લાગવો જેવા વિવિધ ચિન્હો જોવા મળે છે.

- ઉકત બીમારીમાં ભારત તેમજ વૈશ્વિક લેવલે થયેલા સંશોધનોને ધ્યાને લઈને વેટરનરીપબ્લિક હેલ્થ વિભાગ, વેટરનરી કોલેજ, જૂનાગઢ કૃષિ યુનિવર્સિટી, જૂનાગઢ ખાતે આ રોગનો આપણાં વિસ્તારના પશુઓમાં કેટલો ફેલાવો છે તથા રોગને કારણે પ્રજનતંત્રની બીમારીઓ ઉપર શું અસર થાય છે તે બાબતનું સંશોધન કરવામાં આવેલું.






લેબોરેટરીમાં રોગ ની પરખ


# સંશોધનનો સારાંશ

1. સંશોધન કરતાં માલૂમ પડેલ છે કે, સારું વયવસ્થાપન ધરાવતા ડેરી ફાર્મમાં પણ આ રોગ વિષેની માહિતી નહિવત પ્રમાણમાં જોવા મળેલ છે.
2. સંશોધનના સર્વે પ્રમાણે આ રોગ સૌરાષ્ટ્રના વિવિધ જિલ્લાઓમાં ભાવનગર (૩૯.૩૩%), જૂનાગઢ (૩૫.૩૮%) તથા રાજકોટ (૩૦.૮૫%) જેટલું પ્રમાણ જોવા મળેલ છે.



# સૌરાષ્ટ્રના વિવિધ જિલ્લાઓમાં રોગનું પ્રમાણ (%)



3. આ રોગનું એકંદરે ૩૫.૧૯% જેટલું પ્રમાણ જોવા મળેલ છે. જેમાંથી ગાય વર્ગના પશુઓમાં ૩૬.૩૧% તથા ભેંસ વર્ગના પશુઓમાં ૩૩.૯૯% જેટલું પ્રમાણ જોવા મળેલ છે.
4. અસરગ્રસ્ત ગાય અને ભેંસ વર્ગના પશુના લક્ષણોને ધ્યાને લેતા પશુઓનું તરવાઈ જવું (૭૯.૬૯%), વારંવાર ઊથલામારવા(૭૬.૩૨%), મેલી ના પડવી (૭૬.૦૯%) તથા ચેપી ગર્ભપાત (૫૮.૩૩%) જેટલું પ્રમાણ જોવા મળેલ છે.








**તરવાઈ જવું** **મેલી ના પડવી** **ગર્ભાશયનો ચેપ**

# અસરગ્રસ્ત ગાય અને ભેંસ વર્ગના પશુઓમા પ્રજનતંત્રની ખામીઓ



# પશુ પાલકો માટે ભલામણ

**સૌરાષ્ટ્ર વિસ્તારના પશુઓ (ગાયો-ભેસો)માં બોવઇન રાઈનોટ્રેક્યાર્ટિસ (IBR) રોગનું આશરે ૩૬% જેટલું પ્રમાણ જોવા મળેલ હોય, તેમજ પશુપાલકોમાં આ રોગ તથા રોગના નિયંત્રણ અંગેની જાણકારી ઓછી હોય, પશુઓને રોગથી બચાવવા માટે રોગ-પ્રતિકારક રસિકરણ કરાવવા માટેની ભલામણ કરવામાં આવે છે.**














# આભાર...